**<u>કોમર્શીયલ અપીલ નં.૦૪/૨૦૨૪</u>**

**<u>આંક–૫ તળે હુકમ</u>**

(૧) આજરોજ એપેલન્ટ તરફે વિ.વ.શ્રી બી.એમ.વારોતરીયા તથા રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી એમ.ટી.નાણાવટી હાજર છે. તેઓને સાંભળ્યા. રીસ્પોન્ડન્ટ તરફે આંક–૨૧ થી સ્ટેની અરજી રદ કરવા વિકલ્પે રકમ ડીપોઝીટ કરવા હુકમ કરવા અરજી આપેલ છે. તે અરજી તથા આંક–૫ની અરજી વંચાણે લીધી.

(૨) એપેલેન્ટના વિ.વ.શ્રીની રજુઆત અરજી મુજબની છે. વધુમાં તેઓએ નામદાર સર્વોચ્ચ અદાલતે શેખાવતી આર્ટ એન્ડ એકસપોટર્સ વિરૂધ્ધ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ લી. (પીટીશન ફોર સ્પેશીયલ લીવ ટુ અપીલ (સી) નંબર ૧૧૨૩૩/૨૦૨૪) ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે અને આ ચુકાદા મુજબ જો એપેલેન્ટ સીકયોરીટી તરીકે જામીન આપતા હોય તો રોકડ રકમ જમા કરાવવાની જરૂરીયાત નથી, નામદાર એપેલેટ કોર્ટની વિવેકાધીન સત્તા છે, એપેલેન્ટ જામીનગીરી આપવા તૈયાર છે જેથી હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, હાલની અપીલ કોમર્શીયલ અપીલ છે, નામદાર ટ્રાયલ કોર્ટે એપેલેન્ટ સામે તકરારી રકમ ચુકવવા હુકમ કરેલ છે જેથી જો તકરારી હુકમની અમલવારી સ્થગીત રાખવા માંગણી કરતા હોય તો નામદાર ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ તમામ રકમ નામદાર કોર્ટમાં ડીપોઝીટ કરવી જોઈએ, તેઓ નામદાર સવોચ્ચ અદાલતે શેખાવતીના કેસમાં આપેલ ચુકાદા મુજબ રોકડ રકમ જમા કરાવવી કે તેટલી રકમની સીકયોરીટી આપવી તે એપેલેટ કોર્ટની વિવેકાધીન સત્તા છે તે બાબતે તકરાર નથી તેવુ

જણાવે છે. તેઓએ હુકમનામા મુજબની રોકડ રકમ નામદાર કોર્ટમાં ડીપોઝીટ કરાવવા રજુઆત કરેલ છે.

(૪) સમગ્ર રજુઆતો જોતા જો એપેલેન્ટ હુકમનામા મુજબની રકમની સીકયોરીટી આપતા હોય તો તકરારી હુકમ અને હુકમનામાની અમલવારી અપીલ ચાલતા દરમ્યાન મૌકુફ રાખવામા આવે તો ન્યાયોચીત જણાય છે. એપેલેન્ટે હુકમનામા મુજબની રકમ અંગે સીકયોરીટી પેટે બેંક ગેરેંટી આપ્યેથી તકરારી હુકમ અને હુકમનામાની અમલવારી મૌકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) એપેલેન્ટે સીકયોરીટી પેટે બેંક ગેરેંટી આપતા સમયે પોતાનુ રહેણાંક તથા ધંધાનુ કાયમી સરનામુ તેમજ મોબાઈલ નંબર/કોન્ટેકટ નંબર જાહેર કરવા.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૧૧/૧૨/૨૦૨૫

સમીર વિનોદચંદ્ર વ્યાસ
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ તથા
કોમર્શીયલ એપેલેટ જજ,
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા.
જીજે૦૦૩૪૫